પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૪૦ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૮૯ | ૩૦ ડિસેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; પોષ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
51


# સમાજવાદી પાર્ટીમાં 'યાદવાસ્થળી'

## બાપ-દિકરા અને કાકા-ભત્રીજાની સત્તાની લડાઈ પરાકાષ્ઠાએ પહોંચી : મુલાયમ સિંહે ૩૨૫ ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદ ગુરૂવારે મુખ્યમંત્રી અખિલેષ યાદવે ૨૩૫ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી



નવી દિલ્હી, તા. ૨૯

રાજકારણની દ્રષ્ટિએ દેશ માટે સૌથી મહત્વપૂર્ણ એવા ઉત્તરપ્રદેશમાં શાસક પક્ષ સમાજવાદી પાર્ટીમાં આંતરિક લડાઈ ચરમસીમા ઉપર પહોંચી ગઈ છે. ૩૨૫ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવ્યા બાદ હવે નારાજ થયેલા મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે સપાના વડા અને પોતાના પિતા મુલાયમસિંહ યાદવ સાથે વાતચીત કરી હતી અને ઉમેદવારોની યાદીના સંદર્ભમાં નારાજગી વ્યક્ત કરી હતી. પાર્ટીમાં આંતરિક વિખવાદના કારણે પાર્ટીની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. સપાના વડા મુલાયમસિંહ યાદવના પુત્ર અને મુખ્યમંત્રી અખિલેશ યાદવની અવગણના કરીને બુધવારના દિવસે ૩૨૫ ઉમેદવારોની યાદી જારી કરી દેવામાં આવી હતી. અખિલેશને જે બાબતોને લઈને વાંધો હતો તે બાબત તરફ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. અખિલેશ જેનો વિરોધ કરી રહ્યા હતા તે લોકોને પણ ટિકિટ આપી દેવામાં આવી હતી.

આ ઉપરાંત અખિલેશના કેટલાક નજીકના લોકોના પત્તા કાપી દેવામાં આવ્યા હતા. આજેસવારે અખિલેશ મુખ્યમંત્રી મુલાયમસિંહ અને શિવપાલના આવાસની બહાર નેતાઓ અને કાર્યકરોની ભીડ જામી હતી. અખિલેશે પોતાના વફાદાર મંત્રીઓ અને પ્રધાનો સાથે વાતચીત કરી હતી. આ મુલાકાતમાં મુખ્યમંત્રીના વિશ્વાસપાત્રોએ ઉગ્ર

● અનુસંધાન પાન-૭ પર


## સાયરસ મિસ્ત્રીને તાતા સન્સની લીગલ નોટિસ

નવી દિલ્હી, તા. ૨૯

ગુપ્તતા સાથે સંબંધિત નિયમોનો ભંગ કરવાનો આક્ષેપ કરવામાં આવ્યા બાદ તાતા સંસે આજે હકાલપટ્ટી કરવામાં આવેલા ચેરમેન સાયરસ મિસ્ત્રીને કાયદાકીય નોટિસ ફટકારી હતી. સાથે સાથે તમામ ક્લાસીફાઈડ પેપરો પરત કરી દેવા સાયરસ મિસ્ત્રીને સૂચના આપી હતી. ૪૮ કલાકની અંદર આ સંદર્ભમાં એક બાંહેધરી આપવા માટે પણ કહેવામાં આવ્યું છે.

## નવા વર્ષની પૂર્વ સંધ્યાએ પ્રધાનમંત્રી નવી જાહેરાતો કરશે

### નોટબંધીના કારણે લોકોને થયેલી તકલીફ બાદ અનેક મોટી રાહતો જાહેર થશે : ખેડૂતોની લોન માફી થઈ શકે



File Photo


નવી દિલ્હી, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી નોટબંધીના ૫૦ દિવસ પુરા થયા બાદ દેશને ફરી એકવાર સંબોધન કરવાની તૈયારીમાં છે. આ દિવસે વડાપ્રધાન ફરીવાર કોઈ મોટી જાહેરાત કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે પરંતુ આ વખતે કોઈ મોટી રાહતની જાહેરાત કરી શકે છે. ૫૦ દિવસની પીડાને ઓછી કરવા માટે નવી પહેલ થઈ શકે છે. મોદીને સંબોધનને લઈને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છેકે, ૩૧મી ડિસેમ્બરના દિવસે સાંજે સાડા સાત વાગે દેશને મોદી સંબોધન કરનાર છે. મોદી આ સંબંધોન દરમિયાન કેટલીક મોટી યોજનાની જાહેરાત કરી શકે છે. નોટબંધી લાગૂ કરવામાં આવ્યા બાદ ૫૦ દિવસનો ગાળો પુરો થઈ ચુક્યો છે. મોદીએ સ્થિતિને સામાન્ય બનાવવા માટે આ સમયગાળો માંગ્યો હતો. હવે એવી આશા કરવામાં આવી રહી છે કે, મોદી નોટબંધીના કારણે લોકોને થયેલી તકલીફ બાદ સામાન્ય પ્રજાને કોઈ

● અનુસંધાન પાન-૭ પર

# ૫૦૦ની નવી નોટનું પ્રમાણ વધારાયું

## નોટબંધીના કારણે ટેક્સ વસુલાતમાં બે આંકડામાં વધારો : પ્રત્યક્ષ કરવેરા વસુલાતમાં ૧૪.૪ ટકા, પરોક્ષ કરવેરામાં ૨૬.૨ ટકા અને સેન્ટ્રલ એકસાઈઝમાં ૪૩.૩ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો : અરૂણ જેટલી




નવી દિલ્હી, તા. ૨૯

નાણામંત્રી અરુણ જેટલીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, નોટબંધી બાદથી ડાયેરકટ ટેક્સ વસુલાતમાં ૧૩.૬ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે, આ ખુબ જ મુશ્કેલ નિર્ણયમાં પણ લોકો સરકારની સાથે રહ્યા છે. આના માટે અમે લોકોનો આભાર માનીએ છીએ.તેમણે કહ્યું હતું કે રવિ પાકની વાવણીમાં ગયા વર્ષની સરખામણીમાં ૬.૩ ટકાનો વધારો થયો છે. જેટલીએ ફરી એકવાર નોટબંધીના નિર્ણયની પ્રશંસા કરતા કહ્યું હતું કે, ટેક્સ વસુલાતના મામલામાં આના પરિણામ સ્પષ્ટપણે જોઈ શકાય છે. બેકિંગ સેક્ટરમાં હજુ સુધી તેના સંબંધમાં માહિતી સપાટી ઉપર આવી શકી નથી. જેટલીએ ઉમેર્યું હતું કે, અર્થતંત્રનો ખુબ જ જટિલ અને મુશ્કેલભરેલો તબક્કો હવે પૂર્ણ થઈ રહ્યો છે. પરિસ્થિત હવે ઝડપથી સુધરશે. તેમણે ઉમેર્યું હતું કે, નવી ૫૦૦ની નોટ ઉપર હાલમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, આરબીઆઈની પાસે મોટાપ્રમાણમાં નવી કરન્સી ઉપલબ્ધ છે. ઉપરાંત ૫૦૦ની નવી નોટો પણ ઝડપથી સરક્યુલેશનમાં આવી રહી છે. શુક્રવારના દિવસે

● અનુસંધાન પાન-૭ પર

# પાંચ રાજ્યોના ચૂંટણી કાર્યક્રમની આગામી સપ્તાહમાં જ જાહેરાત

## ૩૧મી ડિસેમ્બર અને ચોથી જાન્યુઆરી વચ્ચે કાર્યક્રમ જાહેર થશે : ઉત્તરપ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં વિધાનસભાની ચૂંટણીને લઇને તમામ રાજકીય પક્ષો અંતિમ તૈયારીમાં છે



નવી દિલ્હી, તા. ૨૯

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે પાચં રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની હવે એક સપ્તાહમા જાહેરાત કરવામાં આવી શકે છે. આના માટેની તમામ તૈયારી ચૂંટણી પંચ દ્વારા હવે કરી લેવામાં આવી છે. જે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજવામાં આવનાર છે તેમાં રાજકીય રીતે ખુબ મહત્વપૂર્ણ ગણાતા ઉત્તરપ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરનો સમાવેશ થાય છે. ભાજપ અને કોંગ્રેસ માટે આ ચૂંટણી ભારે પડકારરૂપ અને મહત્વપૂર્ણ છે. નોટબંધીના નિર્ણય બાદ પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી કોઈ રાજ્યમાં યોજાઈ રહી છે જેથી ચૂંટણી પરિણામોની સીધી અસર થોડાક સમય સુધી રહી શકે છે. પ્રાપ્ત માહિતી મુજબ ચૂંટણી પંચ હવે ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરતા પહેલા સુધારવામાં આવેલી મતદાર યાદીના પ્રકાશન સુધી રાહ

● અનુસંધાન પાન-૭ પર

# જુની નોટ જમા કરવાનો આજે છેલ્લો દિવસ

નવી દિલ્હી,તા. ૨૯

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ હવે જુની નોટ બેંકોમાં જમા કરવા માટેની મહેલત આવતીકાલે પૂર્ણ થવા જઈ રહી છે. મહેલત ૩૦મી ડિસેમ્બરના દિવસે પૂર્ણ થઈ ગયા બાદ કેવા પગલા લેવામાં આવે છે તે બાબત પર હવે તમામ લોકોની નજર કેન્દ્રિત રહેશે. આઠમી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને નામ સંબોધન કરતી વેળા રાત્રે એકાએક રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકી દેવાની જાહેરાત કરી હતી. આ નિર્ણયના કારણે સમગ્ર દેશ હચમચી ઉઠ્યુ હતુ. મોદીએ કરેલા આ નિર્ણય બાદ છેલ્લા ૪૯ દિવસથી સામાન્ય લોકો અને અન્યો તમામ પરેશાન થયેલા હતા. બેંકો અને એટીએમ તેમજ પોસ્ટ ઓફિસ પર સામાન્ય લોકોની લાંબી લાઈનો જોવા મળી હતી. રોકડને લઈને કટોકટી ઉભી થઈ ગઈ હતી. સામાન્ય લોકો અને ગરીબ વર્ગના લોકો જે રોકડમાં કારોબાર કરે છે તેમની હાલત કફોડી બની ગઈ હતી. નોટબંધીના નિર્ણય બાદથી રોકડ લેવાની લાઈનમાં કેટલાક લોકોએ દમ પણ તોડી દીધો હતો.

# હવે હપ્તાઓમાં પણ લાંચ લેવાઈ રહી છે

નવી દિલ્હી,તા. ૨૯

આટમી નવેમ્બરના દિવસે લાગુ કરવામાં આવેલા નોટબંધીના નિર્ણય બાદ લાંચ આપવા અને સ્વીકારવામાં પણ તકલીફ થઈ રહી હતી. જો કે હવે લાંચિયા લોકો દ્વારા આ તકલીફને દુર કરવા માટેનો તરીકો શોધી લીધો છે. પ્રાપ્ત માહિતી મુજબ હવે લાંચ પણ હપ્તામાં આપવામાં આવી રહી છે. તપાસ સંસ્થા સીબીઆઈને આ અંગેની માહિતી હાથ લાગી છે. સીબીઆઈના સુત્રોએ કહ્યુ છે કે આ પ્રકારનો એક મામલો વિશાખાપટ્ટમમાં હાલમાં સપાટી પર આવ્યો છે. અહીંના એક ઈન્કમ ટેક્સ અધિકારીએ લાંચ પણ હપ્તામાં સ્વીકારી હોવાની વિગત ખુલી છે. મોડેથી તે સીબીઆઈના સકંજામાં આવી જતા વધારે તપાસ ચાલી રહી

● અનુસંધાન પાન-૭ પર


ઢીંચણ કે કમરનો દુઃખાવો તથા ચીકનગુનીયાનો સંપૂર્ણ કુદરતી ઉપચાર
હીરાબા ચુરણ ગોળી
હીરાબા સેવા ચેરીટેબલ ટ્રસ્ટ
હોમ ડીલીવરી આપવામાં આવશે
પ્રદીપભાઈ જોષી
M:7801892707






ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651